**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૭/૦૧/૨૦૧૭ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૯૬ લીટર દેશી દારૂ, ૩૭૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૪ બિયર ટીન, ૧ છોટા હાથી અને ૧ ઓટોરિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૧૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૮૮/૧૭

**વાડજઃ** મીહીરભાઈ હર્ષદભાઈ પટેલ (ઉ.વ.૫૯) (રહે. સૌરાષ્ટ્ર પટેલ સોસાયટી ફતેપુરા ચોકી પાછળ ધુમકેતુ પાલડી) એ તા.૨૬/૧/૧૭ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી હર્ષદ મનીલાલ પટેલે તા.૧/૯/૨૦૦૮ થી કોઈ પણ સમયે વાડજ આશ્રમ રોડ ગુજરાત વિદ્યાપીઠની બાજુમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા ખાતેથી સંયુક્ત એચ.યુ.એફ.ના પી.પી.એફ ખાતામાંથી બેન્કના કર્મચારીઓ સાથે સાંઠગાઠ કરી એક બીજાના મેળાપણાથી પી.પી.એફ ખાતા માંથી કુલ રૂપિયા ૧૩,૫૦,૧૩૫/- ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ. ખરસાણ ચલાવે છે.

## ગુમ થવા બાબતઃ- સમાચાર યાદી નં.૧૮૯/૧૭

| | |
|---|---|
| **મેઘાણીનગરઃ** ખુશ્બુબહેન અશોકભાઈ પઢીયાર (ઉ.વ.૨૧)(રહે.મ્યુ.સ્લમ કવાર્ટર્સ પતરાવાળી ચાલી, ચમનપુરા મેઘાણીનગર) તા.૨૦/૧/૧૭ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. નારંગી રંગનુ ટોપ અને લીલા રંગની લેગીઝ પહેરી છે.ઉંચાઈ ૫ ફુટ છે. (મેઘાણીનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૬૮૧૫૫૫) |  |



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

| | |
|---|---|
| **સાબરમતીઃ** ભરતભાઈ કાનજીભાઈ બારીયા (ઉ.વ.૫૮)(રહે.હરીકૃષ્ણ એપાર્ટમેન્ટ કૃષ્ણનગર સોસાયટી ધર્મનગર સાબરમતી) તા.૧૩/૧/૧૭ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે શાહીબાગ નોકરીથી ઘરે જવા નિકળ્યાબાદ પત્તો નથી. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. છીંકણી રંગનુ શર્ટ, ખાખી રંગનુ પેન્ટ અને ઉપર ભુરા રંગનુ જેકેટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૨ ઈંચ છે.( સાબરમતી પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૫૦૬૮૧૯) |  |
| સરખેજઃ પુલીસ હરીભાઈ યાદવ (ઉ.વ.૨૨) (રહે.વોર્ડ નં-૨ પોષ્ટ સુકુલ પાકડ તાલુકો સુગૌલી જીલ્લો મોતીહારી બિહાર) તા.૯/૧/૧૭ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે સરખેજ એસ.પી.રીંગરોડ શાંતીપુરા સર્કલ નજીકથી થયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. આસમાની રંગનુ શર્ટ અને વાદળી રંગનુ પેન્ટ પહેર્યુ છે. અસ્થિર મગજ છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. (સરખેજ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૮૨૧૩૮૫) |  |
| ખોખરાઃ હંસાબહેન બિકેશભાઈ જોષી (ઉ.વ.૩૮)(રહે.ધીરજ હાઉસીંગ સોસાયટી ખોખરા) તા.૧૮/૧/૧૭ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને રંગે ગોરા છે. આસમાની રંગની સાડી –બ્લાઉઝ પહેર્યા છે. ઉંચાઇ ૫ ફુટ ૫ ઈંચ છે.(ખોખરા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૭૬૧૧૬૮) |  |
| ઘાટલોડીયાઃ પરીન્દ નિતીનભાઈ પટેલ (ઉ.વ.૨૫)(રહે.કિર્તી એપાર્ટમેન્ટ શંકરદા હોલની પાછળ કે કે નગર રોડ ઘાટલોડીયા) તા.૨૧/૧/૧૭ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. કાળા રંગના પેન્ટ-શર્ટ પહેર્યા છે. ઉંચાઈ ૫ ફુટ છે. (ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૪૮૯૧૨૭) |  |
| **નરોડાઃ** અંજનાબહેન શૈલેશભાઈ પંચાલ (ઉ.વ.૩૧)(રહે.મધુવન સોસાયટી કઠવાડા રોડ નરોડા) તા.૫/૧/૧૭ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી પોતાના ત્રણ પુત્રોને સાથે લઈ કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. સાડી પહેરી છે. ઉંચાઇ ૫ ફુટ છે. (નરોડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૧૫૮૧૪) |  |
| **શહેરકોટડાઃ** રેણુકાબહેન ઉર્ફે પીન્કી ગજાનંદ સોલંકી (ઉ.વ.૨૬)(રહે.આદિત્યનગર સોસાયટી સી કોલોનીની બાજુમાં નરોડા રોડ) તા.૨/૧/૧૭ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી પોતાની પુત્રીને બાલ મંદિર મુકવા જવાનુ કહી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. લીલા રંગની સાદી પહેરી છે. ઉંચાઇ ૫ ફુટ છે. (શહેરકોટડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૯૨૫૩૩૮) |  |

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)